# SAURASHTRA UNIVERSITY
**Exam Cell Section**
University Campus, University Road, Rajkot – 360005
Phone No.: (0281) 2576511 Ext. No.707-710 E-mail Id: exam06@sauuni.ac.in


No. Exam Cell / 2425340 / 2024 Dt. 03/12/ 2024

**પરિપત્ર :-**

**વિષય :-** શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (પી.ઈ.સી.) અંગે.
(MBBS / BHMS / MD-MS / BDS / MDS / B.Sc. (N) / P.B. (N) / M.Sc. (N) / B.P.T. / Pharmacy / Ph.D.)
**સંદર્ભ :-** સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઓર્ડીનન્સ ૯૦ થી ૯૩.

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તથા અનુસ્નાતક કોર્ષ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, નીચે દર્શાવેલ વિગત અનુસાર જે વિદ્યાર્થીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી / ગુજરાત બોર્ડ સિવાયના બોર્ડ / યુનિવર્સિટીમાંથી ઉતિર્ણ થયેલ હોય અને અત્રેની યુનિવર્સિટી સંલગ્ન ભવનો / કોલેજોમાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓએ પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (પી.ઈ.સી.) મેળવવા માટે ઓનલાઈન આવેદનપત્ર ભરવાનું રહેશે.

- પી.ઈ.સી. PEC માટેના ફોર્મ નીચે દર્શાવેલ web link પરથી ભરી શકાશે.
  **Link : https://exam.saurashtrauniversity.edu**
- જે કોર્ષમાં GCAS માં ફોર્મ ભરવું ફરજીયાત હોય તે કોર્સમાં GCAS No બાદ જ પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવાનું રહેશે, જે વિદ્યાર્થીએ GCAS Portal માં ફોર્મ ભરેલ નહિ હોય તેમણે પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવાનું રહેતું નથી જેની ખાસ નોંધ લેશો.
- PEC form અંગેનું પેમેન્ટ પણ ઓનલાઈન જ કરવાનું રહેશે,
- અન્ય ઉપયોગી વેબસાઈટ તથા પરિપત્રોની માહિતી
  **Link :- https://saurashtrauniversity.edu/university/exam/circulars/**

❖ **પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ માટેની સુચના :-**

1. જે વિદ્યાર્થીઓએ ગુજરાત બોર્ડ / સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી છેલ્લે અભ્યાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવાનું રહેતું નથી.
2. પી.ઈ.સી. ફોર્મ ભરતા સમયે Agree કરતા પહેલા દર્શાવેલ સૂચનાઓ ખાસ ધ્યાન પર લેવી તેમજ જે અભ્યાસક્રમ માટે પી.ઈ.સી. મેળવવાનું હોય તે ફોર્મ સાથે ક્યાં ક્યાં ડોક્યુમેન્ટ અપલોડ કરવા તેની માહિતી વાંચીને તમામ ડોક્યુમેન્ટ અપલોડ કરવાના રહેશે, અપલોડ કરેલ ડોક્યુમેન્ટની ચકાસણી કર્યા બાદ જ પી.ઈ.સી. ઇસ્યુ કરવાની કાર્યવાહી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.
3. પી.ઈ.સી. ઓનલાઈન જનરેટ કરવામાં આવશે, ઓનલાઈન જનરેટ થયેલ પી.ઈ.સી. ભવન / કોલેજે માન્ય રાખી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
4. વિદ્યાર્થીએ છેલ્લો અભ્યાસ ફોરેન બોર્ડ / યુનિવર્સિટીમાંથી કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ Association of Indian Universities (A.I.U.) માંથી સમકક્ષતા પ્રમાણપત્ર મેળવી તે રજુ કરવું પડશે.
   (**https://evaluation.aiu.ac.in/Student/EHome**)
5. 5.1) **વિદ્યાર્થીની માર્કશીટ જે તે બોર્ડ / યુનિવર્સિટીની વેબસાઈટ પર ઓનલાઈન વેરીફીકેશન થશે તેવા વિદ્યાર્થીઓને પી.ઈ.સી. વેબપોર્ટલ ના લોગીનમાં ડીજીટલ પી.ઈ.સી. ઇસ્યુ થશે અને માઈગ્રેશન સર્ટીફીકેટ કઈ તારીખ સુધીમાં જમા કરાવવું તેમજ અન્ય સુચના અંગેનો પત્ર પણ સાથે ઉપલબ્ધ થશે.**

   5.2) **જો વિદ્યાર્થીની માર્કશીટ જે તે બોર્ડ / યુનિવર્સિટીની વેબસાઈટ પર ઓનલાઈન વેરીફીકેશન થશે નહિ તો તેવા વિદ્યાર્થીઓને પી.ઈ.સી. ની ડીજીટલ નકલ, માઈગ્રેશન સર્ટીફીકેટ કઈ તારીખ સુધીમાં જમા કરાવવું તે અંગેની સૂચનાનો પત્ર તેમજ માર્કશીટ જે તે બોર્ડ / યુનિવર્સિટીમાં વેરીફીકેશન કરવા અંગેનો પત્ર પી.ઈ.સી. વેબપોર્ટલના લોગીનમાં ઉપલબ્ધ થશે.**

**SAURASHTRA UNIVERSITY**
**Exam Cell Section**
University Campus, University Road, Rajkot – 360005
Phone No.: (0281) 2576511 Ext. No.707-710 E-mail Id: exam06@sauuni.ac.in



5.3) વિદ્યાર્થી દ્વારા જે કોર્ષ માટે પી.ઈ.સી. મેળવેલ હોય તે કોર્ષ ને બદલે અન્ય કોર્ષમાં જો પ્રવેશ મેળવવાનો હોય તો તે માટે અગાઉ મેળવેલ ઓનલાઈન પી.ઈ.સી. પરીક્ષા સેલ વિભાગમાંથી રદ કરાવવાનું રહેશે ત્યારબાદ અન્ય કોર્ષ માટે પી.ઈ.સી. ફોર્મ ભરી શકાશે, જેની ખાસ નોંધ લેશો.

5.4) ઓર્ડીનન્સની જોગવાઈ અનુસાર કામચલાઉ યોગ્યતા પ્રમાણપત્ર (પી.ઈ.સી.) સત્રનાં અંત સુધીમાં અંતીમ યોગ્યતા પ્રમાણપત્ર (એફ.ઈ.સી.) મેળવી લેવાની શરતે આપવામાં આવશે.

6. **માઈગ્રેશન સર્ટીફીકેટ જમા કરાવવા અંગેની સુચના: -**

- જે વિદ્યાર્થીઓ પી.ઈ.સી. મેળવે તેઓએ અગાઉના બોર્ડ / યુનિવર્સિટીનું ઓરીજીનલ માઈગ્રેશન સર્ટીફીકેટ સત્રનાં અંત પહેલાં પરીક્ષા સેલ વિભાગમાં જમા કરાવવું ફરજીયાત છે.
- સત્રની શરૂઆત અને સત્ર નો અંત ક્યારે છે તે અંગેની માહિતી ભવન / કોલેજમાંથી મેળવી લેવાની રહેશે.

- **માર્કશીટ ઓનલાઈન વેરીફીકેશન થયેલ હોય તેવા પી.ઈ.સી. માટે:-**

➔ જે વિદ્યાર્થીઓને વેબપોર્ટલના લોગીનમાં પી.ઈ.સી. ની ડીજીટલ નકલ મળે તેવા વિદ્યાર્થીઓએ બોર્ડ / યુનિવર્સિટીનું ઓરીજીનલ માઈગ્રેશન ઉપર (6) માં દર્શાવ્યા મુજબની વિગતે જમા કરાવવાનું રહેશે, ત્યારબાદ તેઓને ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (FEC) જનરેટ કરવાની કાર્યવાહી નિયમાનુસાર કરવામાં આવશે, જનરેટ થયેલ FEC વિદ્યાર્થીઓએ તેના લોગીનમાંથી Download કરી લેવાનું રહેશે.

- **માર્કશીટ ઓનલાઈન વેરીફીકેશન ન થયેલ હોય તેવા પી.ઈ.સી. માટે:-**

➔ જે વિદ્યાર્થીઓને પી.ઈ.સી. વેબપોર્ટલના લોગીનમાં પી.ઈ.સી. ની ડીજીટલ નકલ તથા માર્કશીટ વેરીફીકેશન અંગેનો પત્ર મળે તેવા વિદ્યાર્થીઓએ બોર્ડ / યુનિવર્સિટીનું ઓરીજીનલ માઈગ્રેશન ઉપર (6) માં દર્શાવ્યા મુજબની વિગતે જમા કરાવવાનું રહેશે.

વધુમાં માર્કશીટ વેરીફીકેશન અંગેનો પત્ર મળેલ હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીએ અગાઉ છેલ્લે જે બોર્ડ / યુનિવર્સિટીમાંથી અભ્યાસ કરેલ હોય તે બોર્ડ / યુનિવર્સિટીમાંથી માર્કશીટ વેરીફીકેશન કરાવી તે ઓરીજીનલ ડોક્યુમેન્ટ પરીક્ષા સેલ વિભાગમાં જમા કરાવવાનું રહેશે, ત્યારબાદ તેઓને ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (FEC) જનરેટ કરવાની કાર્યવાહી નિયમાનુસાર કરવામાં આવશે, જનરેટ થયેલ FEC વિદ્યાર્થીઓએ તેના લોગીનમાંથી Download કરી લેવાનું રહેશે.

**ખાસ નોંધ :-**

- **વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે પી.ઈ.સી. મેળવવા વિદ્યાર્થીએ યુનિવર્સિટી કક્ષાએ આવવાનું રહેશે નહિ.** વિદ્યાર્થીને પી.ઈ.સી. તેમના વેબપોર્ટલના લોગીનમાં જનરેટ કરવામાં આવશે જેની પ્રિન્ટ મેળવી જે તે કોલેજમાં જમા કરાવી પ્રવેશ અંગેની કાર્યવાહી કરવાની રહેશે, જેથી જયારે પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવામાં આવે ત્યારે મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. વિદ્યાર્થીએ પોતાનો દર્શાવવાનો રહેશે, ભવન / કોલેજના સ્ટાફનો કે ભવન / કોલેજનો ઈ-મેઈલ આઈ.ડી. ફોર્મમાં દાખલ કરવો નહિ, ફોર્મ સબમિટ થયા બાદ કોઈ ફેરફાર થઈ શકશે નહિ.

3/-

**SAURASHTRA UNIVERSITY**
**Exam Cell Section**
University Campus, University Road, Rajkot – 360005
Phone No.: (0281) 2576511 Ext. No.707-710 E-mail Id: exam06@sauuni.ac.in



- **<u>ફ્રોડ માર્કશીટ / ફ્રોડ બોર્ડ / ફ્રોડ માઈગ્રેશન સર્ટીફીકેટ / ફ્રોડ માર્કશીટ વેરીફીકેશન અંગેનો જે તે યુનિવર્સિટીનો પત્ર કોઈ વિદ્યાર્થીનું માલુમ પડશે તો તેને આપવામાં આવેલ પી.ઈ.સી. / એફ.ઈ.સી. / પી.જી. રજીસ્ટ્રેશન / એનલીસ્ટમેન્ટ તાત્કાલિક રદ કરવામાં આવશે તેમજ તે અંગે ભવિષ્યમાં કોઈ કાનૂની કાર્યવાહી થાય તો તેની તમામ જવાબદારી વિદ્યાર્થીની રહેશે અને તેના માટે યુનિવર્સિટી સામે કોઈ દાવો માંડી શકાશે નહિ, જેની ખાસ નોંધ લેશો.</u>**

| | |
|---|---|
| પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (પી.ઈ.સી.)<br>(સેમેસ્ટર - ૧ / પ્રથમ વર્ષ ) | **રેગ્યુલર ફી રૂા. ૧૫૦/-**<br><br>તા. ૦૩-૧૨-૨૦૨૪<br>થી<br>તા.૨૮-૧૨-૨૦૨૪ (ઓફીસ સમય સુધી) |

- PEC ફોર્મમાં જે ડોક્યુમેન્ટ અપલોડ કરવામાં આવે તે તમામ Original Document માંથી Scan કરી અપલોડ કરવાના રહેશે, Zerox માંથી અપલોડ કરશો નહિ.
- યુનિવર્સિટી દ્વારા વખતો વખત પરિપત્રો, નિયમમાં કોઈ ફેરફાર કરવામાં આવે તે વિદ્યાર્થીને તેમજ કોલેજને બંધનકર્તા રહેશે.

**પરીક્ષા નિયામક**

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન તમામ મેડીકલ / પારા મેડીકલ કોર્ષ
  ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તરફ .....

**નકલ સાદર રવાના જાણ અર્થે :- web link online upload**

- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ ...
- પી.જી. વિભાગ
- **પરિપત્રની ઓનલાઈન લિન્ક https://saurashtrauniversity.edu/university/exam/circulars/**